

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

છેલ્લાં છએક વર્ષથી પરિષદમાં કામ કરતાં ચાર પ્રમુખોનું સાંનિધ્ય સાંપડ્યું છે. એમનો વિશ્વાસ અને પ્રેમ અમારું ભાથું બન્યું છે. શ્રી બકુલ ત્રિપાઠી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી નારાયણ દેસાઈ અને શ્રી ભગવતીકુમાર શર્મા. આ સહુ પ્રમુખોની વિશિષ્ટ દૃષ્ટિનું પરિષદને માર્ગદર્શન મળ્યું છે. પરિષદના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો યાદીને જોતાં મન આંદોલિત થઈ રહે છે. હમણાં વાતવાતમાં એક મિત્રએ કહ્યું : દાંડીકૂચ (૧૯૩૦) પછી ગાંધીજી અમદાવાદ પાછા આવ્યા જ નહીં ! મને એ વાત ગળે ઊતરી નહીં કારણ કે ૧૯૩૬માં જો ગાંધીજી પરિષદપ્રમુખ હોય તો અવશ્ય આવ્યા જ હોય. આ વાતની પૂર્તિ માટે 'ગાંધીજીની દિનવારી' નામના અદ્‌ભુત પુસ્તક સુધી પહોંચી જવાયું. સ્થળવાર-સૂચિ જોતાં અમદાવાદની નોંધમાં ગાંધીજી અમદાવાદ આવ્યાની છેલ્લી નોંધની તારીખ ૨ નવેમ્બર, ૧૯૩૬ છે. એ દિવસનું પાન ખોલ્યું તો નીચે મુજબની નોંધ જોવા મળી.

૩૧ ઑક્ટો. ૧૯૩૬ અમદાવાદ : બારમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને
૧ નવેમ્બર ૧૯૩૬ અમદાવાદ : સાહિત્ય પરિષદની વિષય વિચારણા સમિતિની બેઠકમાં હાજર
૨ નવેમ્બર ૧૯૩૬ અમદાવાદ : પરિષદની બેઠકમાં ઉપસંહારનું પ્રવચન કર્યું.

ત્યારબાદ સ્થળવાર-સૂચિમાં અમદાવાદમાં ગાંધીજી આવ્યાની નોંધ નથી અર્થાત્ ગાંધીજીએ અમદાવાદમાં છેલ્લું પ્રવચન પરિષદની બેઠકમાં આપ્યું હતું ! આ ઘટના રોમાંચ જન્માવે છે.

આ એ પરિષદ છે જેના પ્રમુખ ગાંધીજી પણ હતા અને આપણે સૌ જાણીએ છીએ કે ગાંધીજીનો માતૃભાષાપ્રેમ કેવો અજોડ હતો ! કોઈ ગુજરાતી વ્યક્તિ અંગ્રેજીમાં પત્ર લખે તો પણ એને જવાબમાં સૌપ્રથમ એ અંગે ટકોર કરતા. મહમદ અલી ઝીણા પાસેય જાહેરમાં ગુજરાતી વક્તવ્ય આપવા દબાણ કરેલું એ વાત પણ જાણીતી છે.

આજે પરિષદે, માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા કેટકેટલી પ્રવૃત્તિઓનો આરંભ કર્યો છે એ ખૂબ પ્રસ્તુત છે. હવે આ પ્રમુખોની યાદીમાં ડિસેમ્બર ૨૦૧૧માં શ્રી ભોળાભાઈ પટેલનું નામ ઉમેરાશે અને એ પણ નવી આશા જન્માવનારી ઘટના છે.

એક બીજા આનંદના સમાચાર એ છે, ગુજરાત યુનિવર્સિટીએ હમણાં જ પરિષદને અનુવાદ અને પત્રકારત્વ નામના બે અભ્યાસક્રમ શરૂ કરવાની પરવાનગી આપી છે. આમ ભાષા-શુદ્ધિના અભ્યાસક્રમો સાથે સાથે સાહિત્યનું કાર્ય પણ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. અધ્યાપકો માટે ભાષા-શિક્ષણના વર્ગોનો પણ હવે પરિષદમાં આરંભ થશે. આવનારા સમયમાં બદલાતાં સાધનોને ધ્યાનમાં રાખી 'ઇન્ટરનેટ' પર વધુ ને વધુ વિપુલ અને ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ બને એ માટે પણ પરિષદ સજાગ છે. હમણાં યુકેથી આવેલા મિત્ર, જે ગુજરાતી વિકિપીડિયાની કોર કમિટીના સભ્ય છે, ધવલ વ્યાસ સાથે પરિષદમાં લેખકો સાથે એક મિટિંગ રાખી હતી. એમાં યુવાનોની સંખ્યા વધુ હતી તો રમણ સોની, રતિલાલ બોરીસાગર જેવા વરિષ્ઠ લેખકો પણ હાજર હતા. 'ઇન્ટરનેટ' પર ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ થાય અને વિકિપીડિયામાં જે કંઈ નબળું લખાણ છે એનું સંવર્ધન થાય એ તત્કાલ હાથ ઉપર લેવામાં આવેલાં કાર્યો છે. આ સાથે સૌથી વધુ આનંદનો વિષય તો એ છે કે યુવાન મિત્રોની ટીમ વધતી ચાલી છે. આ ટીમ વધુ ને વધુ મોટી બનતી જાય છે. આ વાત પરિષદને વધુ સક્ષમ અને પ્રતિબદ્ધ બનાવનારી છે. આ યુવા મિત્રોને લીધે નવાં સપનાય જાગી ઊઠ્યાં છે.

એવાં કેટલાંક સપનાંઓ છે જેની માહિતી આપવી ચોક્કસ ગમશે.

પરિષદ 'ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ' નામની એક યુનિ.નો જ આરંભ કરે.

પરિષદ ગુજરાતમાં પાંચ જગ્યાએ અને મુંબઈમાં એકાદ સ્થાને એમ મળી છએક જગ્યાએ કમ્યુનિટી રેડિયો સ્ટેશનનો આરંભ કરે !

તમામ જિલ્લાઓમાં એક એક અને મુંબઈમાં આવાં ઉત્તમ પુસ્તકોનાં વેચાણ કેન્દ્ર પરિષદ ચાલુ કરે ! પુસ્તકવેચાણ કેન્દ્રની શૃંખલાથી એક નવી આવતી કાલનું નિર્માણ થશે. ઉત્તમ પુસ્તકો લોકો હોંશે હોંશે વાંચે છે અને ખરીદે છે એ આપણો તાજેતરનો અનુભવ છે.

પરિષદ સાહિત્ય-સત્રો, ભાષાકાર્ય-શિબિર પરદેશમાંય શરૂ કરે અને ઘર-આંગણે ડાયાસ્પોરા સાહિત્ય, દલિતવંચિતોના સાહિત્યને પોંખે.

આવા તો ઘણાં સપનાં સળવળી ઊઠ્યાં છે. આ છે યુવા મિત્રોના મનમાં જાગેલાં સપનાંઓ. સવાલ આપણે એ સપનાંને સાકાર કરવા કેટલી હૂંફ આપીશું એ જ છે. પૂર્વસૂરિઓએ જે દીવો પ્રગટાવેલો છે એ દીવાનું તેજ વધારવાનું કામ આપણા ભાગે આવેલું છે. ચાલો, આપણે સૌ સક્રિય બની સતેજ થઈએ...

– અસ્તુ.

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

સાહિત્યસિદ્ધાંત વિશેની સમજ વધુ કેળવાય તે હેતુથી ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા 'સાહિત્યસિદ્ધાંત' વ્યાખ્યાનશ્રેણીનું આયોજન મહિનાના એક દિવસે થાય છે. જેના અંતર્ગત ૨૮મી જુલાઈના રોજ 'સાધારણીકરણ અને વસ્તુલક્ષી સહસંબંધક' વિષય પર ડૉ. અનિલા દલાલે વક્તવ્ય આપ્યું હતું. આરંભે શ્રી પ્રફુલ્લ રાવલે ડૉ. અનિલા દલાલની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો હતો. ડૉ. અનિલા દલાલે એરિસ્ટોટલ-કૉલરિજ અને ટી. એસ. એલિયટની સૈદ્ધાંતિક ભૂમિકાને આધારે વસ્તુલક્ષી સહસંબંધકની સુપેરે ચર્ચા કરી, એ જ રીતે આચાર્ય ભરતથી અભિનવગુપ્ત સુધીની સાધારણીકરણ વિશે થયેલી ચર્ચાને ટૂંકમાં રજૂ કરી. અનિલાબહેને ઘણાંબધાં દૃષ્ટાંતો આપીને ચર્ચાને રસપ્રદ બનાવી. વ્યાખ્યાનના અંતે શ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ 'સાધારણીકરણ અને વસ્તુલક્ષી સહસંબંધક'નો તુલનાત્મક દૃષ્ટિએ પરિચય આપ્યો. વ્યાખ્યાનના અંતે થયેલી પ્રશ્નોત્તરીએ ચર્ચાને જીવંત બનાવી. આ શ્રેણીમાં ગુજરાતી વિષય સિવાયના અધ્યાપકો, વિદ્યાર્થીઓએ પણ હાજરી આપી શ્રેણીને સફળ બનાવી. શ્રી પારુલ દેસાઈએ આરંભે ભૂમિકા બાંધી, અંતમાં આભારવિધિ કરી હતી.

**– વિભા ત્રિવેદી**

## સદ્. વ્રજલાલ દવે વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૨-૮-૨૦૧૧ના રોજ સદ્. વ્રજલાલ દવે વ્યાખ્યાનમાળાના સાહિત્યવિષયક વ્યાખ્યાન અંતર્ગત ડૉ. અનિલા દલાલે '' 'ગાંધારી' મિથનો કાવ્યમાં વિનિયોગ : ઉમાશંકર અને રવીન્દ્રનાથનાં કાવ્યો સંદર્ભે'' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૪-૮-૨૦૧૧ના રોજ સુરેશ ઓઝાએ પોતાની અપ્રકાશિત વાર્તા 'વારસો'નું પઠન કર્યું હતું. વાર્તાપઠનના અંતે વાર્તારસિકો દ્વારા સઘન ચર્ચા થઈ હતી.

'પાક્ષિકી' અંતર્ગત તા. ૧૮-૮-૨૦૧૧ના રોજ કલ્પેશ પટેલે પોતાની અપ્રકાશિત વાર્તા 'પ્રાયશ્ચિત્ત'નું પઠન કર્યું હતું. વાર્તાના વિષય અને શૈલીની રોચકતાએ શ્રોતાઓને જકડી રાખ્યા હતા. વળી, વાર્તાના અંતે થયેલી રસપ્રદ ચર્ચાએ વાર્તાને વધુ ઉઘાડ આપ્યો.

**– વિભા ત્રિવેદી**

## ગ્રંથ સાથે ગોઠડી

ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત 'ગ્રંથ સાથે ગોઠડી' અંતર્ગત તા. ૫-૮-૨૦૧૧ના રોજ શ્રી હરીશ ખત્રીએ અમેરિકન લેખક જિમ સ્ટોવલની નવલકથા 'ધ લૅમ્પ'નો આસ્વાદ કરાવ્યો હતો. નવલકથામાં સ્ટેનલી અને લિઝા બંને પતિ-પત્ની હાડમારીભરી જિંદગી જીવે છે. અને એક જૂના લૅમ્પમાંથી ઇરવિંગ નામનો જિન પ્રગટ થાય છે. અને બંને પતિ-પત્નીની ત્રણ ઇચ્છાપૂર્તિ કરવાનું ખોટું વચન આપે છે. અને તેથી બંને સ્વપ્નોમાં રાચે છે. પરંતુ જિન સાચી હકીકત જણાવે છે અને બંનેને પોતાની આવડત અને મહેનત દ્વારા પોતાનાં સ્વપ્નો સાકાર કરવાની પ્રેરણા આપે છે. આખરે બંને પોતાની મહેનત અને સંકલ્પ દ્વારા પોતાનાં સ્વપ્નો સાકાર કરે છે. આ કાર્યક્રમમાં સર્વશ્રી ડી. જે. બાવલેચા, લતા હિરાણી, સુધા મહેતા, નયના ડેલીવાલા, દીવાન ઠાકોર વગેરેએ પ્રશ્નોત્તરી-ચર્ચામાં ભાગ લીધો હતો. ઇતુભાઈ કુરકુટિયાએ વક્તાનો પરિચય અને સૌનો આભાર માન્યો હતો.

**– ઇતુભાઈ કુરકુટિયા**

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ અંતર્ગત તા. ૮-૮-૨૦૧૧ના રોજ યોજાઈ ગઈ. આ બેઠકમાં ઉપસ્થિત લેખિકા બહેનોએ પોતાની કવિતા, વાર્તા, લેખ, સંસ્મરણ જેવી વિવિધ સાહિત્યકૃતિઓનું પઠન કર્યું હતું. પઠન બાદ આસ્વાદ-સમીક્ષામાં પણ સાહિત્યિક કૃતિવિષયક સારી ચર્ચા થઈ હતી. વાચન-લેખનની સજ્જતા ઉત્તરોત્તર કઈ રીતે વધારી શકાય તેની પણ રસપ્રદ વાતો થઈ હતી.

**– પ્રજ્ઞા પટેલ**



## અનુવાદ-અભિમુખતા

'અનુવાદ-અભિમુખતા'ની દ્વિતીય બેઠક તા. ૯-૮-૨૦૧૧ના રોજ યોજાઈ ગઈ. જેમાં ડૉ. જયંત જોશીએ પોતાના અનુવાદના અનુભવોની વાત રજૂ કરી. આ ઉપરાંત અનુવાદક્ષેત્રના વિશાળ વ્યાપનો પરિચય આપ્યો. વક્તાશ્રીનો પરિચય રૂપાબહેન શેઠે આપ્યો અને અંતે વિભા ત્રિવેદીએ સૌનો આભાર માન્યો.

**– વિભા ત્રિવેદી**

## માતૃભાષા, વિકિપીડિયા અને ઇન્ટરનેટ

તા. ૨૧-૮-૨૦૧૧ના રોજ માતૃભાષા, વિકિપીડિયા અને ઇન્ટરનેટના સંદર્ભે યુકેથી આવેલા શ્રી ધવલભાઈ વ્યાસ સાથે ચર્ચાનો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયો હતો. ધવલભાઈ વ્યાસે વિપીડિયા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ઉપસ્થિત ૨૦ યુવા મિત્રોએ ખૂબ પ્રતિબદ્ધતાથી પરિષદની આ પ્રવૃત્તિ ઉપાડી લેવાનું નક્કી કર્યું એ નવી દિશાનો સંકેત આપે છે. આ વિમર્શમાં વરિષ્ઠ સાહિત્યકાર શ્રી રતિલાલ બોરીસાગર અને શ્રી રમણ સોની ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદ વતી વિકિપીડિયાનું કામ કરનાર રૂપલબહેન મહેતા દ્વારા ગુજરાતી સાહિત્યકોશ ભાગ-૨માંથી આજ સુધી વિકિપીડિયામાં લગભગ ૧૫૦ જેટલા સાહિત્યકારો વિશેનાં અધિકરણો મૂકવામાં આવ્યાં છે. આ સંખ્યામાં ઝડપથી વધારો થાય તે માટે ધવલભાઈના નેજા હેઠળ યુવા મિત્રોની એક ટીમ રચવામાં આવી છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશનનું આયોજન રૂપાયતનના યજમાનપદે, જૂનાગઢ મુકામે તારીખ : ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૧ના ત્રણ દિવસ યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે મૂર્ધન્ય સાહિત્યકાર – ઉત્તમ નિબંધકાર – અનુવાદક અને વિવેચક શ્રી ભોળાભાઈ પટેલ હશે. અધિવેશનના અતિથિવિશેષ તરીકે ઓડિયા ભાષાના સર્જક શ્રી મનોજ દાસ ઉપસ્થિત રહેશે.

**સારસ્વતયાત્રા : તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, બપોરે ૨.૦૦થી ૨.૩૫**

**બેઠક પહેલી :**

ઉદ્‌ઘાટન-સમારંભ : તા. ૨૩-૧૨-૨૦૧૧ શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૩૦

અધિવેશન-સ્થળ : રૂપાયતન, ગિરિતળેટી, ભવનાથ, જૂનાગઢ

ગીત : જય જય ગરવી ગુજરાત : સંગીત ટુકડી

ગીત : નરસિંહ મહેતાનું એક ગીત :

સ્વાગતમંત્રીનું ઉદ્‌બોધન : શ્રી હેમંત નાણાવટી

સ્વાગતપ્રમુખનું ઉદ્‌બોધન : શ્રી પ્રફુલ્લચંદ્ર નાણાવટી

મહેમાનોનું સ્વાગત :

પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ : શ્રી રાજેન્દ્ર પટેલ

નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને : શ્રી ભગવતીકુમાર શર્મા

કાર્યભારની સોંપણી શ્રી ભોળાભાઈ પટેલ

પ્રમુખશ્રીનો પરિચય : શ્રી રઘુવીર ચૌધરી

પ્રમુખશ્રીનું વક્તવ્ય : શ્રી ભોળાભાઈ પટેલ

અતિથિવિશેષશ્રીનો પરિચય : શ્રી રાજેન્દ્ર પટેલ

અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય : શ્રી મનોજ દાસ

પ્રાસંગિક : શ્રી અનિલા દલાલ

પ્રાસંગિક : શ્રી નરોત્તમ પલાણ

સમાપન-વ્યક્તવ્ય : શ્રી મોરારિબાપુ

**બેઠક બીજી : આસ્વાદ** તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦

વિભાગીય અધ્યક્ષ : શ્રી અમર ભટ્ટ

સંચાલન : શ્રી માધવ રામાનુજ / પ્રફુલ્લ રાવલ

**બેઠક ત્રીજી :** તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૩૦

સર્જન વિભાગ : સાહિત્યસ્વરૂપ – ટૂંકી વાર્તા

વિભાગીય અધ્યક્ષ : શ્રી કિરીટ દૂધાત

સર્જક વક્તાઓ : શ્રી સુવર્ણાબહેન,
શ્રી મોહન પરમાર, શ્રી કાનજી પટેલ

સંચાલન : શ્રી વર્ષા અડાલજા

**બેઠક ચોથી :** તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

વિવેચન-સંશોધન વિભાગ

વિભાગીય અધ્યક્ષ : શ્રી દીપક મહેતા

વક્તાઓ : શ્રી રવીન્દ્ર પારેખ, શ્રી જયેશ ભોગાયતા,
શ્રી કિશોર વ્યાસ

સંચાલન : શ્રી નીતિન વડગામા



**સાંસ્કૃતિક કાર્યક્રમ :** રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ યજમાન સંસ્થા

સંચાલન : શ્રી જનક નાયક

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક તા. ૨૫-૧૨-૧૧ના રોજ સવારે ૮.૦૦થી ૯.૦૦

**બેઠક પાંચમી :** તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦

પરિસંવાદ : ભાષાકીય કટોકટી

વિભાગીય અધ્યક્ષ : શ્રી અવધેશકુમાર સિંઘ

ટેક્નૉલોજી અને ભાષા : શ્રી રૂપલ મહેતા

શિક્ષણ અને ભાષા : શ્રી રવીન્દ્ર દવે

સંસ્કૃતિ અને ભાષા : શ્રી ગુણવંત શાહ

માધ્યમો અને ભાષા : શ્રી વિષ્ણુ પંડ્યા

સંચાલન : શ્રી રતિલાલ બોરીસાગર

**બેઠક છઠ્ઠી :**

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક બપોરે ૧૧.૩૦થી ૧.૦૦

– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ

– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૨૦૦/- તથા પ્રતિનિધિશુલ્ક રૂ. ૧૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૩૦૦/- થશે.

વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે)

ભોજન-ઉતારા અને પ્રતિનિધિશુલ્ક તા. ૧૫-૧૨-૧૧ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

S

## પરિષદના આગામી કાર્યક્રમો

(સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)

**પાક્ષિકી** – સંયોજક : દીવાન ઠાકોર

તા. ૧૫-૯-૨૦૧૧, ગુરુવાર. સાંજે - ૬-૦૦ કલાકે

વિજય સોની અપ્રકાશિત વાર્તાનું પઠન કરશે.

તા. ૨૯-૯-૨૦૧૧, ગુરુવાર. સાંજે - ૬-૦૦ કલાકે

પારુલ દેસાઈ અપ્રકાશિત વાર્તાનું પઠન કરશે.

**ગ્રંથ સાથે ગોઠડી** – સંયોજક : હરીશ ખત્રી, ઈતુભાઈ કુરકુટિયા

તા. ૭-૧૦-૨૦૧૧, શુક્રવાર. સાંજે ૬-૦૦ કલાકે

'અ અસ્તુ કા' નવલકથા (લે. જ્યોત્સના મિલન) વિશે

ડૉ. નયના ડેલીવાવા વાર્તાલાપ કરશે.

**કાવ્યપ્રત્યક્ષ** – સંયોજક : રાજેશ વ્યાસ 'મિસ્કીન'

તા. ૧-૧૦-૨૦૧૧, શનિવાર. સાંજે - ૬-૦૦ કલાકે

રાજેશ વ્યાસના સંચાલનમાં કાવ્ય સભા.

**એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ** – સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ

તા. ૩-૧૦-૨૦૧૧, સોમવાર. બપોરે ૩-૩૦ કલાકે

લેખિકા બહેનોની સાહિત્યિક ગોષ્ઠિ.

**સર્જક સાથે સંવાદ** – સંયોજક : ધ્વનિલ પારેખ, ભરત સાધુ

તા. ૧૭-૯-૨૦૧૧, શનિવાર. સાંજે - ૬-૦૦ કલાકે

નવોદિત લેખકોની અપ્રકાશિત કૃતિઓનું પઠન અને ચર્ચા.

**સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી**

તા. ૨૨-૯-૨૦૧૧, ગુરુવાર. સાંજે ૫-૦૦ કલાકે

'કાવ્યસંવાદ અને આંતરકૃતિત્વ' વિષય પર ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા વક્તવ્ય આપશે.

**દલિત સાહિત્યવિમર્શ** – સંયોજક : ચંદુ મહેરિયા

તા. ૨૪-૯-૨૦૧૧, શનિવાર. સાંજે ૬-૦૦ કલાકે

પી. કે. વાલેરાની આત્મકથા 'થોરનું ફૂલ' વિશે

શ્રી ડંકેશ ઓઝા અને ડૉ. અરુણ વાઘેલા વક્તવ્ય આપશે.

**અનુવાદ - અભિમુખતા** – સંયોજક : રૂપા શેઠ, વિભા ત્રિવેદી

તા. ૧૧-૧૦-૨૦૧૧, મંગળવાર. સાંજે - ૬-૦૦ કલાકે

ઉત્તમ અનુવાદોનું પઠન અને ચર્ચા.

**જેલમાં સાહિત્યિક કાર્યક્રમ** – સંયોજક : રાજેન્દ્ર પટેલ, ગંગારામ વાઘેલા

તા. ૧૭-૯-૨૦૧૧, શનિવાર. સવારે - ૮-૦૦ કલાકે

સાબરમતી જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમ.

S

## પત્રકારત્વ અને અનુવાદ અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરને પત્રકારત્વ અને અનુવાદ એમ બે પ્રમાણપત્ર અભ્યાસક્રમોની ગુજરાત યુનિવર્સિટીની માન્યતા મળી છે. આ અભ્યાસક્રમોનો ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૧થી આરંભ થશે. છ મહિનાના આ અભ્યાસક્રમમાં દર શનિ-રવિ અનુભવી નિષ્ણાતો દ્વારા વર્ગો ચાલશે. આ અભ્યાસક્રમમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ વધુ વિગત માટે મો. ૯૯૯૮૩૯૨૪૨૨ (ભરત સાધુ) અથવા ૦૭૯-૨૬૫૮૭૯૪૭ (કાર્યાલય) પર સંપર્ક કરવો.



## દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | વ્યાખ્યાન અને સાહિત્યસત્રો માટે મળેલ દાન | | |
| | સીતારામ સેવા ટ્રસ્ટ | મહુવા | ૫૦,૦૦૦ |
| ૨. | રવીન્દ્રભવન માટે મળેલ દાન | | |
| | શૈલેષ એમ. પારેખ | અમદાવાદ | ૨૫,૦૦૦ |
| | પ્રિયવદન સી. રાંદેરિયા | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૩. | સાદું દાન | | |
| | જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશન | અમદાવાદ | ૧૨,૦૦૦ |
| | અનિલાબહેન દલાલ | અમદાવાદ | ૧,૦૦૦ |

r